દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રંટ પેજ.
તારીખ :- ૧૨/૦૩/૨૦૨૬.

મેટ્રોના ફેઝ-2એને કેન્દ્રની લીલીઝંડી, સોઈલ ટેસ્ટિંગ સહિતની કામગીરી પૂરી કરી દેવાઈ હોવાથી દિવાળી સુધીમાં કામ શરૂ થશે

# કોટેશ્વરથી એરપોર્ટ સુધીના 6 કિમીના રૂટ પર મેટ્રો દોડશે, મુસાફરો અંડરગ્રાઉન્ડ સ્ટેશનથી સીધા જ ટર્મિનલ 1 અને 2 પર જઈ શકશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

કેન્દ્રીય મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ 2(એ)ને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર તરફથી ગ્રીન સિગ્નલ મળતાં જ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા આગામી ગણતરીના દિવસોમાં સિવિલ વર્ક માટે ટેન્ડર સહિતની પ્રક્રિયા શરૂ કરી દેવાશે. આ નવો ફેઝ 4 વર્ષમાં તૈયાર થયા બાદ શરૂ થતા શહેરમાં કુલ 77.63 કિમીનું સક્રિય મેટ્રો રેલ નેટવર્ક ઉપલબ્ધ થશે, જે મુસાફરોની સુવિધામાં વધારો કરશે. આ રૂટ શરૂ થતા એરપોર્ટ જતા આવતા લોકોને ટ્રાફિક જામમાં ફસાયા વગર ઝડપથી એરપોર્ટ પહોંચવા માટે સરળતા થશે.

## તાજ સર્કલથી એરપોર્ટ સુધીનો રૂટ અંડરગ્રાઉન્ડ બનશે, કુલ 5 સ્ટેશન હશે




4 એલિવેટેડ સ્ટેશન હશે

6.032 કિમી લાંબા કોરિડોર પર કુલ 5 સ્ટેશન હશે, જેમાં 4 એલિવેટેડ અને 1 અંડરગ્રાઉન્ડ સ્ટેશન બનશે. સરદારનગર આગળ તાજ હોટલ સર્કલથી એરપોર્ટ સુધીનો રૂટ અંડરગ્રાઉન્ડ બનશે. તેની સાથે જ આ અંડરગ્રાઉન્ડ સ્ટેશનથી પેસેન્જરો લિફ્ટ અને એસ્કેલેટરની મદદથી સીધા એરપોર્ટ ટર્મિનલ ટી-1 અને ટી-2માં જઈ શકશે. હાલમાં અમદાવાદ કાર્યરત 4 અંડરગ્રાઉન્ડ સ્ટેશનોમાં વધુ એક 'એરપોર્ટ અંડરગ્રાઉન્ડ સ્ટેશન'નો ઉમેરો થતા શહેરમાં કુલ અંડરગ્રાઉન્ડ સ્ટેશનની સંખ્યા 5 થશે.

## રોજ 38 હજાર મુસાફરોને એરપોર્ટ સુધી પહોંચવા મેટ્રોનો વિકલ્પ મળશે

આ તબક્કાનો મુખ્ય ઉદ્દેશ્ય હાલના અમદાવાદ-ગાંધીનગર કોરિડોર સાથે રહેણાંક અને વ્યાપારી હબ સહિતના મુખ્ય વિસ્તારોને સીમલેસ કનેક્ટિવીટી આપવાનો છે. 2029માં યોજનારી વર્લ્ડ પોલીસ ગેમ્સ અને 2030ની કોમનવેલ્થ ગેમ્સ માટે આસપાસના વિસ્તારમાં રમતગમતની સુવિધાઓ પણ વિકસાવવામાં આવે તેવી શક્યતા છે. અમદાવાદ એરપોર્ટ પર 2025માં 1.39 કરોડ મુસાફરોએ અવરજવર કરી, જે 2024ના 1.27 કરોડ મુસાફરોની સરખામણીએ 9.3 ટકા વધુ હતી. એરપોર્ટ સુધી સીધી મેટ્રો કનેક્ટિવિટી શરૂ થતાં દરરોજ સરેરાશ 38 હજારથી વધુ મુસાફરોને ઝડપી-ટ્રાફિકમુક્ત મુસાફરીનો લાભ મળશે. એરપોર્ટ રોડ પરનું ભારણ પણ ઘટશે.

## યુટિલિટી શિફ્ટિંગ સહિતનું કામ શરૂ કરી દેવાયું હતું

"કેન્દ્ર સરકારની મંજૂરી મળે તે પહેલાંથી જ આ નિર્ધારિત મેટ્રો રૂટ પર જમીનની તપાસ (સોઇલ ટેસ્ટિંગ), નડતરરૂપ બાંધકામો અને યુટિલિટીના શિફ્ટિંગ સહિતની કામગીરી શરૂ કરી દેવાઈ હતી. પ્રોજેક્ટનું સિવિલ વર્ક શરૂ થતા પહેલા જરૂરી પ્રાથમિક કામગીરી લગભગ પૂર્ણ કરી દેવાઈ છે અને દિવાળી સુધીમાં ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી સિવિલ કામગીરી પણ શરૂ કરી દેવાશે. - *અનંતસિંહ બિષ્ટ*, ડિરેક્ટર (પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ), જીએમઆરસી